RNI No. GUJGUJ/2016/72734 TC No. GUJGUJ16705 ગાંધીનગર

# નવભારત

Email : navbharatdaily2016@gmail.com www.govtofgaurang.com દૈનિક

Book Post
Navbharat Daily
Gandhinagar

તંત્રી : અશોક એન. દવે ● વર્ષ : ૦૩ ● અંક : ૧૧૦ ● તારીખ : ૧૯-૦૭-૨૦૧૮ ● ગુરૂવાર ● પાના : ૪ ● કિંમત : ૫૦ પૈસા ● મો. +91 99099 69099

### ઇન્ટ્રા ડેમાં સેંસેક્સ રેકોર્ડ સપાટીએ પહોંચ્યો હતો

# ઉતારચઢાવની વચ્ચે આખરે સેંસેક્સ ૧૪૭ પોઇન્ટ ઘટ્યો



**(એજન્સી) નવી દિલ્હી,** શેરબજારમાં આજે શરૂઆતી કારોબારમાં તેજી નોંધાયા બાદ કારોબારના અંતે મંદી રહી હતી. બેંચમાર્ક બીએસઈ ઈન્ડેક્સ રેકોર્ડ ઉંચી સપાટીથી નીચે ગગડી ગયો હતો. કારણ કે વિરોધ પક્ષોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. ૧૫ વર્ષમાં પ્રથમ વખત અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી છે અને આને લોકસભામાં સ્વિકારી લેવામાં આવી હતી. બીએસઈ સેંસેક્સ આજે ૧૪૭ પોઇન્ટ ઘટીને ૩૬૩૭૩૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૮ પોઇન્ટ ઘટીને ૧૦૯૮૦ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયન સેંસેક્સ ૩૬૭૪૮ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. અગાઉ ૧૩મી જુલાઈ ૨૦૧૮ના દિવસે સેંસેક્સ ૩૬૭૪૦ સુધી પહોંચ્યો હતો. નિફ્ટી રિયાલીટી અને નિફ્ટી મેટલમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. તાતા સ્ટીલ, જિંદાલ સ્ટીલ, હિન્ડાલ્કો, વેદાંતાના શેરમાં ત્રણથી ૬.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. ૮૦ અબજ રૂપિયાની મૂડી પીએનબી સહિત છ બેંકોમાં ઠાલવવામાં આવનાર છે તેવા અહેવાલથી તેજી જામી હતી. નિરવ મોદી કૌભાંડના પરિણામ સ્વરુપે પીએનબી બેંક હચમચી ઉઠી હતી. સરકાર તરફથી ૮૦ અબજ રૂપિયાની મૂડી ઠાલવવામાં આવનાર છે તેવા અહેવાલથી તેજી જામી છે. હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવાનો આંકડો હાલમાં જારી કરવામાં આવ્યો હતો. શાકભાજી અને ફયુઅલની ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે જૂન મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઉપર આધારીત ફુગાવો વધીને ૫.૭૭ ટકા સુધી પહોંચી ગયો હતો. મે મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ૪.૪૩ ટકા રહ્યો હતો. ગયા વર્ષે જૂન મહિનામાં આ આંકડો ૦.૯૦ ટકા હતો. સરકાર દ્વારા આજે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાતા માઈક્રો ઈકોનોમિક ડેટા જારી કરવામાં આવ્યા હતા. ખાદ્યાન્ન ચીજવસ્તુઓમાં રહેલા ફુગાવામાં વધારો થયો હતો. કંપનીના પરિણામનોને લઈને પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. બજાજ ફાઈનસર્વ, બજાજ ફાઈનાન્સ, કોટક મહિન્દ્રાના પરિણામ ગુરુવારના દિવસે જાહેર કરાશે. આવી જ રીતે વિપ્રો, બજાજ ઓટો, એમસીએક્સ, એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફના પરિણામ ૨૦મી જુલાઈના દિવસે ઘોષિત થશે. આઈપીઓ બજારમાં જોરદાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. ૧૪૦૦૦ કરોડના આઈપીઓને લઈને દલાલસ્ટ્રીટ તૈયાર છે. એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, લોધા ડેવલપર્સ સહિત ઓછામાં ઓછી સાત કંપનીઓ આગામી સપ્તાહમાં મૂડી માર્કેટમાં આઈપીઓ સાથે એન્ટ્રી કરવા માટે તૈયાર છે. સૌથી પહેલા ટીસીએનએસ ક્લોથિંગ દ્વારા ૧૧૨૫ કરોડના આઈપીઓની શરૂઆત કરવામાં આવનાર છે. અન્ય જે છ કંપનીઓ આઈપીઓ લાવવા માટેની તૈયારી કરી ચુકી છે તેમાં લોધા ડેવલપર્સ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, નેકાંતિ સી ફુડ્સ, ફલેમિંગો ટ્રાવેલ, પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જીનિયસ કન્સલટન્સનો સમાવેશ થાય છે. મર્ચંટ બેંકિંગ સોર્સના કહેવા મુજબ આગામી સપ્તાહમાં આ તમામ કંપનીઓ દ્વારા તેમના સંબંધિત આઈપીઓ લાવવામાં આવનાર છે.પ્રવાહી સ્થિતી હોવાના કારણે કારોબારી રોકાણઁના મુડમાં નથી.શેરબજારમાં ગઈકાલે પણ તેજી જોવા મળી હતી. કારોબારની શરૂઆત થયા બાદથી ઉતારચઢાવના અંતે સેંસેક્સમાં તેજી રહી હતી. મંગળવારના દિવસે સેંસેક્સ ૧૯૬ પોઈન્ટ ઉછળીને ૩૬૫૨૦ની ઉંચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૭૧ પોઈન્ટ ઉછળીને ૧૧૦૦૮ની સપાટીએ રહ્યો હતો.

## વોડાફોનના ૧૯૯ના પેકમાં ૨.૮ જીબી ડેટા રોજ મળશે

**(એજન્સી) નવીદિલ્હી,** વોડાફોને પોતાના પ્રિપેઈડ ગ્રાહકોને આકર્ષિત કરવા માટે નવી ઓફર રજૂ કરી દીધી છે. કંપનીએ પોતાના ૧૯૯ રૂપિયા વાળા પ્રિપેઈડ પેકને અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે. આ પેકમાં હવે વોડાફોનના યુઝરોને પહેલા કરતા વધારે ડેટા મળશે. ૧૯૯ રૂપિયાવાળા વોડાફોન પેકમાં હવે ગ્રાહકોને ટુ જીબી ડેટા રોજ મળશે. ટેલિકોમ ટોકના રિપોર્ટ મુજબ ૧૯૯ રૂપિયાના રિચાર્જ કરાવવા પર હવે ગ્રાહકોને ૨૮ દિવસ માટે દરરોજ ૨.૪ જીબી ડેટા મળશે. એટલે કે આ પેકમાં ૨૮ દિવસ માટે કુલ ૭૮.૪ જીબી ડેટાની ઓફર કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય અનેક રાહતો પણ આપવામાં આવી છે. આ પહેલા આ પેકમાં ૧.૪ જીબી ટુજી, થ્રીજી અને ફોરજી ડેટા રોજ મળી રહ્યા હતા. આ ઉપરાંત પેકમાં અનલિમિટેડ વોઈસકોલની સુવિધા મળી રહી છે. અલબત્ત અનલિમિટેડ કોલ માટે ૨૫૦ મિનિટ દરરોજ અને ૧૦૦૦ મિનિટ દરસપ્તાહમાં લિમિટની સાથે ઓફર કરવામાં આવી રહી છે. નોંધ કરવા લાયક બાબત એ છે કે, આ પેકમાં એસએમએસની સુવિધા મળી રહી નથી. ૧૯૯ રૂપિયાના નવા અપગ્રેડેડ પ્લાનમાં હવે એક જીબી ડેટાની કિંમત ૨.૫૩ રૂપિયા રહી જાય છે. રિપોર્ટ મુજબ આ પ્રિ પેક હજુ પસંદગીના વોડાફોન ગ્રાહકો માટે છે. આની સાથે સાથે આ પેકની મજા એવા સર્કિલમાં પણ મળશે જ્યાં વોડાફોનની ફોરજી સુવિધા મળી રહી છે. રિલાયન્સ જીયો પણ ૧૯૮ રૂપિયામાં પ્રિપેઈડ પેકની ઓફર કરે છે જેમાં ૨૮ દિવસની કાયદેસરતા સાથે બે જીબી ડેટા દરરોજ મળે છે. આની સાથે સાથે આમા અનલિમિટેડ કોલ અને ૧૦૦ એસએમએસ દરરોજ મળે છે. બીજી બાજુ એરટેલમાં ૧૯૯ રૂપિયાના પેકમાં ૧.૪ જીબી ડેટા રોજ મળે છે. આ પેકમાં એનલિમિટેડ કોલ અને ૧૦૦ એસએમએસ દરરોજ મળે છે. ૨૮ દિવસની વેલિડિટિ હોય છે.

### ટીમમાં ઋષભ પંતને પ્રથમ વખત સામેલ કરાયો

## ઇંગ્લેન્ડ સામે ત્રણ ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમ ઘોષિત

### બીસીસીઆઈ દ્વારા ટીમની જાહેરાત : ભુવનેશ્વર આઉટ

**(એજન્સી) નવીદિલ્હી,** ઈંગ્લેન્ડની સામે પહેલી ઓગસ્ટથી શરૂ થઈ રહેલી પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની શરૂઆતની ત્રણ ટેસ્ટ મેચો માટે ભારતીય ટીમની જાહેરાત આજે કરવામાં આવી હતી. બીસીસીઆઈએ આજે પ્રથમ ત્રણ ટેસ્ટ મેચો માટે ટીમ જાહેર કરી હતી. ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ઈંગ્લેન્ડની સામે મંગળવારના દિવસે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં ઈજાગ્રસ્ત હોવાના કારણે ઝડપી બોલર ભુવનેશ્વર કુમારને તક આપવામાં આવી નથી. ટીમમાં બે બે વિકેટ કીપર રાખવામાં આવ્યા છે. દિનેશ કાર્તિકની સાથે ઋષભ પંતને પણ તક આપવામાં આવી છે. પ્રથમ વખત ઋષભ પંતને તક આપવામાં આવી છે. ઈંગ્લેન્ડની સામે મંગળવારની છેલ્લી વનડે મેચમાં સારી બેટિંગ કરનાર ઝડપી બોલર શાર્દુલને પણ જગ્યા આપવામાં આવી છે. ૨૬ વર્ષનો આ યુવા ખેલાડી પ્રથમ વખત ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. બુમરાહ ટીમની સાથે બીજી ટેસ્ટ મેચથી જોડાશે. તે હાલ ઈજાગ્રસ્ત છે. વનડે ટીમમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહેનાર ઝડપી બોલર મોહમ્મદ સામી ટેસ્ટ ટીમમાં સામેલ કરાયો છે. યોયો ટેસ્ટ પાસ કરવામાં સમી સફળ રહ્યો છે. બીસીસીઆઈનું કહેવું છે કે, ભુવનેશ્વરની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. તે અંગે ટૂંકમાં જ નિર્ણય કરાશે. અજન્કિયા રહાણે વાઈસ કેપ્ટન તરીકેની ભૂમિકામાં રહેશે. હાલમાં જ પુરી થયેલી ત્રણ વનડે મેચોન શ્રેણીમાં ઈંગ્લેન્ડે ૨-૧થી જીત મેળવી હતી તે પહેલા ત્રણ મેચોની ટ્વેન્ટી શ્રેણીમાં ભારતે ૨-૧થી જીત મેળવી હતી. આ ઉપરાંત આયર્લેન્ડ સામે રમાયેલી બંને મેચો પણ ભારતે જીતી હતી. લાંબા ગાળા બાદ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી શરૂ થઈ રહી છે. આવી સ્થિતિમાં વિરાટ કોહલી અને અન્ય આધારભૂત બેટ્સમેનોને નવા રેકોર્ડ સર્જવાની તક રહેશે. પ્રથમ ત્રણ ટેસ્ટ મેચો માટે ટીમ જાહેર કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

કોહલી (કેપ્ટન), શિખર ધવન, કેએલ રાહુલ, મુરલી વિજય, ચેતેશ્વર પુજારા, રહાણે, કરુણ નાયર, દિનેશ કાર્તિક, ઋષભ પંત, અશ્વિન, જાડેજા, કુલદીપ, હાર્દિક પંડ્યા, ઈશાંત શર્મા, મોહમ્મદ સામી, ઉમેશ યાદવ, જસપ્રિત બુમરાહ, શાર્દુલ ઠાકુર

### ભારત-ઇંગ્લેન્ડ શ્રેણી.....

ઈંગ્લેન્ડની સામે પહેલી ઓગસ્ટથી શરૂ થઈ રહેલી પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની શરૂઆતની ત્રણ ટેસ્ટ મેચો માટે ભારતીય ટીમની જાહેરાત આજે કરવામાં આવી હતી. બીસીસીઆઈએ આજે પ્રથમ ત્રણ ટેસ્ટ મેચો માટે ટીમ જાહેર કરી હતી. ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ટેસ્ટ મેચોનો કાર્યક્રમ નીચે મુજબ છે.

- પહેલી ઓગસ્ટના દિવસે બર્મિંગ્હામમાં પ્રથમ ટેસ્ટ
- ૯મી ઓગસ્ટના દિવસે લંડનમાં બીજી ટેસ્ટ
- ૧૮મી ઓગસ્ટથી નોટિંગ્હામમાં ત્રીજી ટેસ્ટ
- ૩૦મી ઓગસ્ટથી સાઉથમ્પટમાં ચોથી ટેસ્ટ
- ૭મી સપ્ટેમ્બરથી લંડનમાં પાંચમી ટેસ્ટ

## હેલિકોપ્ટર લાંચ કેસ : પુરક ચાર્જશીટ દાખલ કરી દેવાઈ

**(એજન્સી) નોઇડા,** ઈન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સમગ્ર દેશને હચમચાવી મુકનાર ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર લાંચ રૂશ્વત કેસમાં આજે પુરક ચાર્જશીટ દાખલ કરી દીધી હતી. એરફોર્સના પૂર્વ વડા એસપી ત્યાગી, તેમના બે કઝીન, વકીલ ગૌત્તમ ખેતાન, બે ઈટાલીયન મધ્યસ્થી અને ફિના મેકેનિકા સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. સ્પેશિયલ જજ અરવિંદ કુમાર સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જુલાઈ મહિનામાં વિચારણા માટે તે હાથ ધરવામાં આવશે. ૨૦મી જુલાઈના દિવસે વિચારણા માટે હાથ ધરવામાં આવ્યા બાદ એસપી ત્યાગી ઉપર સકંજો મજબૂત કરવામાં આવે તેવી શક્યતા છે. એરફોર્સના પૂર્વ વડા એસપી ત્યાગીની તકલીફ સતત વધી રહી છે. આગામી દિવસો તેમના માટે પડકારરુપ રહી શકે છે. ચાર્જશીટમાં ગંભીર પ્રકારના આક્ષેપ કરવામાં આવ્યા છે. સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર એનકે મટ્ટા મારફતે આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે જેમાં ત્યાગી બંધુઓના નામનો ઉલ્લેખ છે. આ ઉપરાંત ઈટાલિયન મધ્યસ્થી કાર્લો ગેરોસાનો પણ સમાવેશ થાય છે. ઓગસ્ટાવેસ્ટલેન્ડની પેરેન્ટ કંપની ફિના મેકેનિકા સામે પણ એફઆઈઆર કરવામાં આવી છે.

### ૨૫૦૦થી લઇ ૧૦,૪૫૦ સુધીનો વધારો કરાયો

## વિધ્યુત સહાયકોના ફિક્સ પગારમાં કરાયેલો વધારો

### સરકારના નિર્ણયથી જીયુવીએનએલ તેમજ તેને સંલગ્ન કંપનીઓ પર હવે વાર્ષિક ૩૩ કરોડ રૂપિયાનો બોજ પડશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,** ગુજરાતના ઉર્જામંત્રી સૌરભ પટેલે આજે કહ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના સબળ નેતૃત્વમાં ગુજરાત સરકારે વિજ ક્ષેત્રમાં ફરજ બજાવતા વિવિધ સંવર્ગના વિદ્યુત સહાયકોના પગારમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત વિદ્યુત બોર્ડ અને તેને સંલગ્ન કંપનીઓમાં ફરજ બજાવતાં સાત હજારથી વધુ વિદ્યુત સહાયકોના પગારમાં નોંધપાત્ર વધારો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણયને પગલે જીયુવીએનએલ અને તેને સંલગ્ન કંપનીઓ પર વાર્ષિક રૂ. ૩૩ કરોડનો બોજો આવશે. વિદ્યુત સહાયકોના ફિક્સ પગારમાં માસિક રૂ.૨૫૦૦થી લઈ રૂ.૧૦,૪૫૦નો વધારો કરવામાં આવ્યો છે. જેને લઈ વિદ્યુત સહાયક કર્મચારીઓમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. આ અંગે રાજયના ઉર્જાપ્રધાન સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયમાં આવેલુ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. અને તેની સંલગ્ન કંપનીઓમાં કાર્યરત એવા સાત હજાર વિદ્યુત સહાયકો જેવા કે, ઈલેક્ટ્રીક આસીસ્ટન્ટ, હેલ્પર, જુનીયર આસીસ્ટન્ટ, પ્લાન્ટ એટેન્ડન્ટ ગ્રેડ-૧ અને જુનીયર ઈજનેર એમ ચાર સંવર્ગમાં ફિક્સપગારથી કામ કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આવા વિદ્યુત સહાયકના વેતનમાં માસિક રૂ.૨૫૦૦થી રૂ.૧૦,૪૫૦નો વધારો કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયને પગલે જીયુવીએનએલ અને તને સંલગ્ન કંપનીઓ પર વાર્ષિક રૂ.૩૩ કરોડનો બોજો આવશે. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા વિદ્યુત સહાયકોના પગારમાં નોંધપાત્ર વધારો કરવાના પરિણામે આ કર્મચારીઆલમમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. વિદ્યુત સહાયક કર્મચારી મંડળ દ્વારા સરકારના નિર્ણયને આવકાર આપી આભાર પ્રગટ કરાયો હતો. આ ઉપરાંત વિદ્યુત સહાયક જુનિયર ઈજનેરને પ્રથમ વર્ષે મળતા પગાર માસિક રૂપિયા ૨૧૫૫૦માં ગત ઓક્ટોબર માસમાં વધારો કરીને ૨૬૫૫૦ કરાયો હતો જે હવે ૩૭૦૦૦ અને દ્વિતીય વર્ષનો પગાર માસિક ૨૩૫૫૦ વધારીને ગત ઓક્ટોબર માસમાં ૨૮૫૫૦ થયો હતો તે હવે વધીને ૩૯૦૦૦ થશે. રાજ્ય સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ધોરણો અનુસાર વિદ્યુત સહાયક જુનિયાર ઈજનેર બે વર્ષ પૂર્ણ કરે ત્યારે અને અન્ય સંવર્ગના વિદ્યુત સહાયકો ત્રણ વર્ષ પૂર્ણ કરે ત્યારે જે તે સંવર્ગમાં કાયમી કરવામાં આવે છે. ઉર્જામંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ નિર્ણયથી જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓ ઉપર વાર્ષિક ૩૨.૭૯ કરોડનું આર્થિક ભારણ આવશે.

### જીએસટી દર ઘટાડવા અંગે આવેદનપત્ર અપાયું

## ૨૮ ટકા GSTના ભારણથી પેઈન્ટ્સના ઉદ્યોગ પર સંકટ

### પેઈન્ટ્સ લક્ઝરી આઈટમ નહી પરંતુ જરૂરિયાત હોવાથી જીએસટી દર ઘટાડી ઉદ્યોગને બચાવવાની માંગણી કરાઈ

**(પ્રતિનિધિ) અમદાવાદ,** પેઈન્ટ્સ ઉદ્યોગ પર ૨૮ ટકા જેટલા ઉંચા જીએસટીના ભારણથી પેઈન્ટ્સ ઉદ્યોગ ખતરામાં છે અને જો તેના કરભારણમાં ઘટાડો નહી થાય તો આગામી દિવસોમાં પેઈન્ટ્સ ઉદ્યોગ ઠપ્પ થઈ જશે તેવી ગંભીર દહેશત ઈન્ડિયન સ્મોલ સ્કેલ પેઈન્ટ એસોસીએશન(ઈસ્પા)ની મળેલી મહત્વની બેઠકમાં વ્યકત કરવામાં આવી હતી. પેઈન્ટ્સ ઉદ્યોગ પર હાલમાં ૨૮ ટકા જીએસટી લાગુ છે તેને ઘટાડીને ૧૮ ટકા કરવાની માંગણી સાથે ઈન્ડિયન સ્મોલ સ્કેલ પેઈન્ટ એસોસીએશન(ઈસ્પા)ના પૂર્વ પ્રમુખ મધુકર શાહના નેતૃત્વ હેઠળ ગુજરાતના ઉદ્યોગકારો દ્વારા એક આવેદનપત્ર ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી અને નાંણામંત્રી નિતીનભાઈ પટેલને સુપ્રત કરાયુ હતુ, સાથે સાથે તા. ૨૧મી જુલાઈએ નવી દિલ્હી ખાતે મળનાર જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગુજરાત સરકાર વતી ભારપુર્વક રજુઆત કરવાની પણ માંગણી કરી છે. જીએસટી દર ઘટાડવાની માંગણી સાથે ઈસ્પાના પૂર્વ પ્રમુખ મધુકર શાહ, પૂર્વ ચેરમેન દિલીપભાઈ પટેલ, જી.ડી.બારોટ અને હાલના માનદ્ મંત્રી કનુભાઈ શાહ સહિતના આગેવાનોના પ્રતિનિધમંડળ તરફથી નાણામંત્રી નિતીન પટેલને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. આ અંગે ઈસ્પાના પુર્વ પ્રમુખ મધુકર શાહે જણાવ્યું હતું કે હાલમાં પેઈન્ટ્સ ઉદ્યોગ પર ૨૮ જીએસટી લાગુ છે. છેલ્લા ઘણા સમયથી અમારી માંગણી ૧૮ ટકાની છે જે અંગે જીએસટી કાઉન્સિલ સાથે અગાઉ ભારપુર્વક ચર્ચા પણ કરી હતી.

તા.૨૧મી જુલાઈએ જીએસટી કાઉન્સિલની નવી દિલ્હી ખાતે મળનારી બેઠકમાં આ મુદ્દે ગંભીરપણે ચર્ચા કરી પેઈન્ટ્સ પર જીએસટી દર ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવે તેવી અમારી માંગણી છે. ઈન્ડિયન સ્મોલ સ્કેલ પેઈન્ટ એસોસીએશન(ઈસ્પા)ના પૂર્વ પ્રમુખ મધુકર શાહે વધુમાં જણાવ્યું હતું કે, પેઈન્ટ્સ એ લક્ઝરી આઈટમ નથી પરંતુ એક જરૂરિયાત છે. માનવજાત અને દેશની અબજો રૂપિયાની સંપત્તિને કાટથી બચાવે છે. રાષ્ટ્રના વિકાસમાં જે માળખાકીય અને આંતર માળખાકીય સુવિધાને લાંબા ગાળા સુધી ટકાવી રાખવા માટે પેઈન્ટ્સ એક મહત્ત્વપુર્ણ અને અતિઆવશ્યક સાધન છે. સરકારના બ્રિજ-રેલવે, મોટા કારખાનાંઓ તેમજ ઘરવપરાશમાં પેઈન્ટ્સ ઉદ્યોગ ખૂબ જ ઉપયોગી છે તેને બચાવવાની જરૂર છે. પેઈન્ટ્સનો વપરાશ વધે એવા પગલાં સરકાર દ્વારા લેવાને બદલે તેના ઉપર ૨૮ ટકા જીએસટી કરભારણ હોવાથી વેચાણ ઉપર ગંભીર અસરો પહોંચી છે અને લાખો માણસોને રોજગાર આપતી એમએસએમઈ પેઈન્ટ્સ ઈન્ડસ્ટ્રીઝને તાકીદે બચાવવાની જરૂર છે. ૨૮ ટકાના જીએસટી કરભારણથી દેશભરના હજારો પેઈન્ટ્સ લઘુ ઉત્પાદકોના વેચાણ ઉપર માઠી અસર થઈ છે. જીએસટીના કરભારણને લીધે સૌથી વધુ રોજગારી આપતો પેઈન્ટ્સ ઉદ્યોગ આજે ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયો છે. કેન્દ્ર અને ગુજરાત સરકાર તેમજ જીએસટી કાઉન્સિલ આ અંગે ગંભીરપણે નહિં વિચારે અને જો તાત્કાલિક જીએસટી દરોમાં ઘટાડો નહી કરે તો, આગામી સમયમાં પેઈન્ટ્સ ઉદ્યોગ ઠપ્પ થઈ જશે અને અનેક લોકો રોજગારી ગુમાવશે. જેને પગલે દેશના અર્થતંત્રને પણ મોટુ નુકસાન થશે. આ સંજોગોમાં જાહેર અને વ્યાપક હિતમાં પણ સરકારે પેઈન્ટ્સ ઉદ્યોગ પરના જીએસટી દરમાં ઘટાડો કરવો જોઈએ.

ત્રણેય રાજ્યોમાં ગઠબંધનને લઇને બસપ મક્કમ

# કોઇ એક રાજ્યમાં કોંગ્રેસ સાથે ગઠબંધન કરાશે નહીં

## જરૂર મુજબ ગઠબંધન કરવાની કોંગ્રેસની વ્યૂહરચના પર માયાએ પાણી ફેરવ્યું : રાજસ્થાનમાં ગઠબંધન ઉપર ભાર

**(એજન્સી) નવીદિલ્હી,**

બહુજન સમાજ પાર્ટી સાથે જોડાણ કરવાના કોંગ્રેસના તમામ પ્રયાસ ચાલી રહ્યા છે ત્યારે બહુજન સમાજ પાર્ટીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગઠબંધન કોઇ એક રાજ્યમાં કરવામાં આવશે નહીં. જો ગઠબંધન થશે તો ત્રણેય રાજ્યોમાં કરવામાં આવશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીને લઇને તૈયારીઓ શરૂ થઇ ચુકી છે ત્યારે કોંગ્રેસે મધ્યપ્રદેશમાં બહુજન સમાજ પાર્ટી સાથે ગઠબંધન કરવા પ્રયાસો હાથ ધર્યા છે. તેના જવાબમાં બહુજન સમાજ પાર્ટીના ટોચના લોકોનું કહેવું છે કે, જો ગઠબંધન થશે તો ત્રણેય રાજ્યમાં કરવામાં આવશે. કોઇ એક રાજ્યમાં કરવામાં આવશે નહીં. માત્ર મધ્યપ્રદેશમાં ગઠબંધન કરવામાં આવશે નહીં. માયાવતી માત્ર મધ્યપ્રદેશમાં નહીં બલ્કે તમામ ચૂંટણીવાળા રાજ્યોમાં ગઠબંધન કરવા ઇચ્છુક છે. જેના પરિણામ સ્વરુપે કોંગ્રેસ હાઈકમાન્ડની ચિંતા વધી ગઈ છે. વર્ષના અંતમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. બહુજન સમાજ પાર્ટી ત્રણેય રાજ્યોમાં સાથી પક્ષ બનવા ઈચ્છુક છે. કોંગ્રેસ એકબાજુ સંબંધિત રાજ્યોમાં જરૂર મુજબ બહુજન સમાજ પાર્ટી સાથે ગઠબંધન કરવા ઈચ્છુક છે જ્યારે બસપ આને લઇને મક્કમ છે. કોંગ્રેસના વ્યૂહરચનાકારોનું કહેવું છે કે, આ મુદ્દાને સાવધાનીથી હાથ ધરવાની જરૂર છે. કારણ કે, પાર્ટીના રાજસ્થાન એકમના લોકો બહુજન સમાજ પાર્ટી સાથે ગઠબંધન કરવા તૈયાર નથી. જ્યારે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં આના માટેની તરફેણ કરવામાં આવી રહી છે. કોંગ્રેસમાં મધ્યપ્રદેશ અને છત્તીસગઢ યુનિટના લોકો સારીરીતે જાણે છે કે, દલિત વોટની સાથે મોટું અંતર થઇ શકે છે. આના લીધે બંને રાજ્યોમાં છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહેલી ભાજપની સરકારનું પતન થઇ શકે છે પરંતુ રાજસ્થાનમાં સ્થિતિ અલગ છે. રાજસ્થાનમાં કોંગ્રેસને પોતાની તાકાત ઉપર સત્તામાં આવવાની આશા છે. રાજસ્થાનમાં ભાજપની સરકાર છે. આ વખતે તેની જીત દેખાઈ રહી છે.

જુદા જુદા ભાગોમાં થતી હત્યાઓ અંગે માર્ગદર્શિકા જારી કરાઇ

# ગૌરક્ષા સંદર્ભમાં કાનૂન બનાવવા સરકારને સુપ્રીમનો સ્પષ્ટ આદેશ

## બંધારણ મુજબ કામ કરવાનો સરકારોને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો : કોઇપણ પોતાની રીતે કાયદો હોઇ શકે નહીં : પીડિતોને વળતર ચુકવવા માટે આદેશ

**(એજન્સી) નવી દિલ્હી,**

સુપ્રીમ કોર્ટે આજે અતિ મહત્વપૂર્ણ ગૌરક્ષાના નામ પર દેશના જુદા જુદા ભાગોમાં થઇ રહેલી હત્યાઓના સંદર્ભમાં માર્ગદર્શિકા જારી કરી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, ટોળાને કાયદા હાથમાં લેવાની કોઇ કિંમતે મંજુરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે સંસદમાં આ મામલામાં કાયદો બનાવવા અને સરકારોને બંધારણ મુજબ કામ કરવા માટે સ્પષ્ટ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, કોઇપણ પોતાનીરીતે કાયદો હોઇ શકે નહીં. શાંતિ સ્થાપિત કરવાની જવાબદારી સરકારની રહેલી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, સરકાર પીડિતોને પુરતા પ્રમાણમાં વળતર ચુકવે. સાથે સાથે સંસદ કાયદા બનાવે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચાર સપ્તાહની અંદર જ કેન્દ્ર અને રાજ્ય સરકારો કોર્ટના આદેશને અમલી બનાવે તે જરૂરી છે. કોર્ટ આ મામલાની આગામી સુનાવણી ઓગસ્ટ મહિનામાં હાથ ધરશે. સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ એએમ ખાનવીલકર અને જસ્ટિસ ધનંજય ચંદ્રચુડની બનેલી આ બેંચે માર્ગદર્શિકા જારી કરી હતી. આ પહેલા ગૌરક્ષાના નામ ઉપર થઇ રહેલી હિંસા ઉપર અંકુશ મુકવાના ન્યાયિક આદેશ ઉપર અમલ નહીં કરવા બદલ રાજસ્થાન, હરિયાણા, ઉત્તરપ્રદેશ સરકારની સામે તિરસ્કાર કાર્યવાહી માટે અરજી દાખલ કરાયા પછી સુપ્રીમ કોર્ટે આ સરકારો પાસેથી જવાબની માંગ કરી હતી. મહાત્મા ગાંધીના પૌત્ર તુષાર ગાંધીએ આ અરજી દાખલ કરી હતી. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, આ ત્રણ રાજ્યોએ સુપ્રીમ કોર્ટના ગયા વર્ષે અપાયેલા છઠ્ઠી સપ્ટેમ્બરના આદેશને માન્ય રાખ્યો નથી. ત્રણ રાજ્યોને નોટિસ જારી કરીને ત્રીજી એપ્રિલ સુધી જવાબ આપવા માટે આદેશ કરાયો હતો. ગાંધી તરફથી વરિષ્ઠ વકીલ ઇન્દિરા જયસિંહાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ છતાં જુદા જુદા રાજ્યોમાં હજુ પણ ગૌરક્ષાના નામે હિંસક ઘટનાઓ બની રહી છે. આ દલીલના સંદર્ભમાં પીઠે કહ્યું હતું કે તે આ તિરસ્કાર અરજી ઉપર ગાંધીની મુખ્ય અરજીની સાથે સુનાવણી હાથ ધરશે. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે છઠ્ઠી સપ્ટેમ્બરના દિવસે તમામ રાજ્યોને ગૌરક્ષાના નામે હિંસક ઘટનાઓને રોકવા માટે એક સપ્તાહની અંદર દરેક જિલ્લામાં



વરિષ્ઠ પોલીસ અધિકારીઓને નોડલ અધિકારી નિમવા સહિત કઠોર ઉપાય કરવાના આદેશ કર્યા હતા. બેંચે આ પ્રકારના હિંસક કૃત્યોને કોઇપણ કિંતે રોકવા માટે કહ્યું હતું. આ સંદર્ભમાં રાજ્યોને દરેક જિલ્લામાં એક સમર્પિત કાર્યબળ રચવા માટે પણ કહેવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે છઠ્ઠી સપ્ટેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે ગૌરક્ષાના સંદર્ભમાં મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો હતો જેમાં દેશમાં ગૌ રક્ષાના નામ ઉપર થઇ રહેલી હિંસા અને હત્યાની વધતી ઘટનાઓ ઉપર સુપ્રીમ કોર્ટે કઠોર વલણ અપનાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરીને દરેક જિલ્લામાં નોડલ ઓફિસરની નિમણૂંક કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ગૌરક્ષકો દ્વારા ફેલાવવામાં આવી રહેલી હિંસાને રોકવા માટે કડક આદેશો જારી કર્યા હતા. દરેક જિલ્લામાં એક સિનિયર પોલીસ અધિકારીને નોડલ ઓફિસર બનાવીને તૈનાત કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેને કહ્યું છે કે, ગૌરક્ષાના નામ ઉપર કાયદાને પોતાના હાથમાં લેનારની સામે અસરકારક પગલા લેવામાં આવે. એ વખતે આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, આવા લોકોની સામે પગલા લેવા માટે કાયદા છે. આના જવાબથી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ કહ્યું હતું કે, અમે જાણિએ છીએ કે કાયદા છે પરંતુ શું કાર્યવાહી કરવામાં આવી છે. સુપ્રીમના ચુકાદાને મહત્વપૂર્ણ ગણાય છે.

આઈપીસીની કલમ ૧૫૩એ હેઠળ તરત કેસ નોંધો

## સુપ્રીમ કોર્ટે શું કહ્યું.....

સુપ્રીમ કોર્ટે આજે અતિ મહત્વપૂર્ણ ગૌરક્ષાના નામ પર દેશના જુદા જુદા ભાગોમાં થઇ રહેલી હત્યાઓના સંદર્ભમાં માર્ગદર્શિકા જારી કરી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, ટોળાને કાયદા હાથમાં લેવાની કોઇ કિંમતે મંજુરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે સંસદમાં આ મામલામાં કાયદો બનાવવા અને સરકારોને બંધારણ મુજબ કામ કરવા માટે સ્પષ્ટ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, કોઇપણ પોતાનીરીતે કાયદો હોઇ શકે નહીં. શાંતિ સ્થાપિત કરવાની જવાબદારી સરકારની રહેલી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, સરકાર પીડિતોને પુરતા પ્રમાણમાં વળતર ચુકવે. સાથે સાથે સંસદ કાયદા બનાવે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચાર સપ્તાહની અંદર જ કેન્દ્ર અને રાજ્ય સરકારો કોર્ટના આદેશને અમલી બનાવે તે જરૂરી છે. કોર્ટ આ મામલાની આગામી સુનાવણી ઓગસ્ટ મહિનામાં હાથ ધરશે. સુપ્રીમ કોર્ટે શું કહ્યું તે નીચે મુજબ છે.

- ♦ રાજ્ય સરકાર દરેક જિલ્લામાં એસપી સ્તરના અધિકારીને નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરે જે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવશે
- ♦ આવી ઘટનાઓ થઇ છે તેવા વિસ્તારોની રાજ્ય સરકાર ઓળખ કરે
- ♦ નોડલ ઓફિસર લોકલ ઈન્ટેલીજન્સની સાથે મિટિંગ કરે. ડીજીપી અને હોમ સેક્રેટરી નોડલ ઓફિસર સાથે બેઠક યોજે
- ♦ કેન્દ્ર અને રાજ્યમાં પારસ્પરિક સંકલન જાળવવામાં આવે. સરકાર દ્વારા ટોળા દ્વારા હિંસાની સામે પ્રચાર પ્રસાર કરે
- ♦ આવા મામલામાં આઈપીસીની કલમ ૧૫૩એ હેઠળ તરત કેસ દાખલ કરવામાં આવે
- ♦ રાજ્ય સરકાર ભીડ હિંસા પીડિતોને વળતર ચુકવે અને ઈજા મુજબ વળતરની રકમ નક્કી કરે
- ♦ ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવે. સંબંધિત કલમમાં ટ્રાયલ કોર્ટ અધિકતમ સજા આપે
- ♦ પીડિતના વકીલનો ખર્ચ સરકાર ઉપાડે અને ૩૦ દિવસમાં વળતર આપે

દરોડાની કામગીરી યથાવતરીતે હજુપણ જારી

# ઇન્કમટેક્સના દરોડામાં ૧૬૦ કરોડ રોકડ કબજે કરી લેવાયા

## ચેન્નાઈ અને આસપાસના વિસ્તારોમાં એક કોન્ટ્રાક્ટરની ઓફિસો પર દરોડા પડાયા : ૧૦૦ કિલો સોનું જપ્ત થયું

**(એજન્સી) ચેન્નાઇ,**

આવકવેરા વિભાગના તપાસ અધિકારીઓએ ચેન્નાઈમાં એક કોન્ટ્રાક્ટરની કંપની ઉપર દરોડા પાડ્યા બાદ અભૂતપૂર્વ સંપત્તિ મળી આવી છે. આ મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. કોન્ટ્રાક્ટર ઉપર આઈટીના દરોડા દરમિયાન ૧૬૦ કરોડ રૂપિયા રોકડ અને ૧૦૦ કિલો સોનું મળ્યા બાદ આ મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. ચેન્નાઈ, અરુપુકોતાઈ, વેલ્લોર અને મદુરાઈમાં ૧૦૦થી વધુ અધિકારીઓની ટુકડીએ ૨૦થી વધારે એસપીએ કેમ્પસમાં દરોડા પાડ્યા હતા. ઓપરેશન પાર્કિંગ મની નામથી દરોડા પાડવામાં આવ્યા હતા. આજે પણ આ દરોડાની કાર્યવાહી જારી રહી હતી. એસપીકે ગ્રુપના પ્રમોટરોમાં એક નાગરાજન સેયાદુરાઈ છે. કોર્પોરેટ મંત્રાલયની વેબસાઇટ મુજબ તેઓ કોન્ટ્રાક્ટ કામગીરી કરે છે. તેમના અન્નાદ્રમુકના નેતા સાથે પણ સંબંધ રહેલા છે. સેયાદુરાઈ દ્વારા પ્રચાર કંપની અનેક મોટી રાજ્ય યોજનાઓમાં સામેલ રહ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, કરચોરીના સંદર્ભમાં માહિતી મળ્યા બાદ દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કલાકોના ગાળામાં જ ૮૦ કરોડ રૂપિયા રોકડ મળી ગયા હતા. આઈટી વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, ચેન્નાઈમાં ગ્રુપ ડિરેક્ટર્સની ઓફિસમાં અને ઘરમાં દરોડા પાડ્યા બાદ નોટના બંડલો મળી આવ્યા હતા. સોનાના દાગીનાઓ ઉપરાંત સોનાના બિસ્કીટ પણ મળી આવ્યા છે. તાજેતરમાં જ ટીટીવી દિનાકરણ શિવિર અને ડીએમકે દ્વારા હાઈવે કોન્ટ્રાક્ટમાં મોટાપાયે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

તેઓએ આ સોદાબાજીમાં અન્નાદ્રમુકના નેતાના નજીકના સાથીઓની સંડોવણી હોવાની વાત કરવામાં આવી હતી. અભૂતપૂર્વ પ્રમાણમાં રોકડ રકમ મળી આવ્યા બાદ હજુ પણ તપાસ ચાલી રહી છે. મળેલી રકમમાં મૂલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. ૧૬૦ કરોડ રૂપિયા રોકડ મળ્યા બાદ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

# હવે ફ્રેટ ટ્રેન માટે પ્રથમ કોરિડોર રેલવેને મળશે

**(એજન્સી) નવીદિલ્હી,**

સ્થાપનાને ૧૬૫ વર્ષ બાદ ભારતીય રેલવેને ૧૫મી ઓગસ્ટના દિવસે ફ્રેટ ટ્રેનો અથવા તો માલગાડી માટે તેના પ્રથમ ડેડિકેટેડ કોરિડોરને મેળવી લેશે. ભારત ૭૨માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરનાર છે ત્યારે ફ્રેટ ટ્રેનો માટે આ કોરિડોર મળી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશમાં દાદરી અને રાજસ્થાનમાં કુલેરા વચ્ચે ૧૯૦ કિલોમીટરની રેલવે લાઈન રાષ્ટ્રને સમર્પિત કરશે. જે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર હેઠળ આવે છે. આ વર્ષે વડાપ્રધાનના સ્વતંત્રતા દિવસના લાલ કિલ્લા પરના ભાષણને ચૂંટણીની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ચાર વર્ષના ગાળા દરમિયાન સરકારની સિદ્ધિઓને વડાપ્રધાન રજૂ કરી શકે છે. રેલવે માટે નૂરના ક્ષેત્રમાં રોડવે તરફથી જોરદાર પડકારનો સામનો કરવામાં આવી રહ્યો છે. આ રુટ ખુબ જ ઉપયોગી સાબિત થઇ શકે છે. ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ડીએફસીનો ૮૧૪ અબજ રૂપિયાનો આ પ્રોજેક્ટ ૩૩૬૦ કિલોમીટરના ટ્રેકને આવરી લેશે જે ૧૫૦૦ કિલોમીટર વિસ્તારમાં આવે છે. દાદરીથી શરૂ થઇને જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ સુધી આ પહોંચે છે. ૧૫મી ઓગસ્ટના દિવસે ફ્રેટ ટ્રેનો માટે આ કોરિડોર રાષ્ટ્રને સુપરત કરવામાં આવનાર છે.

## નવભારત ટેલીવૂડ હંગામા

તા.૧૯-૭-૨૦૧૮ ગુરૂવાર

| સમય | ઝી ટીવી | સ્ટાર પ્લસ | સોની ટીવી | ઝી સિનેમા | કલર્સ | સેટ મેક્સ | સ્ટાર ગોલ્ડ | સ્ટાર મુવી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૬.૦૦ | ટેલિશોપિંગ | કુલ્ફી કુમાર બાજેવાલા | ટેલિશોપિંગ | ॥ | ઉડાન | ॥ | ॥ | સ્ટેપ અપ રિવોલ્યુસન |
| ૦૬.૩૦ | ॥ | ઈશ્કબાઝ | ॥ | ટેલિશોપીંગ | ટેલિસ્લોટ | ઈન્ટરનેશનલ ખિલાડી | ॥ | ॥ |
| ૦૭.૦૦ | પિયા અલબેલા | મેરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | સાવિત્રી દેવી | ॥ | ॥ | ॥ |
| ૦૭.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ટેલિસ્લોટ | ॥ | ॥ | હોટલ ટ્રાન્સીલવેનિયા-૨ા |
| ૦૮.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | સંકટ મોચન હનુમાન | આખરી બાજી | રુપ | ॥ | સન ઓફ સરદાર | ॥ |
| ૦૮.૩૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા ક્યા | કુછ રંગ પ્યાર કે | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ક્રિશ્ના લી લંડન | પેહરેદાર પિયા કી | મેનેં દિલ તુઝકો દિયા | ડાન્સ દિવાને | ॥ | ॥ | લોગાન |
| ૦૯.૩૦ | આપકે ઓ જાને સે | યે હૈ મહોબ્બત... | બેહદ | ॥ | ॥ | રાઉડી હિરો | ॥ | ॥ |
| ૧૦.૦૦ | કુમકુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | કપિલ શર્મા શો | ॥ | સિલસિલા બદલતે રિશ્તો કા | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | કુમકુમ ભાગ્ય | ઈશ્કબાઝ | ॥ | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુંડલી ભાગ્ય | ઈશ્કબાઝ | ॥ | ॥ | ઉડાન | ॥ | થિરન | ॥ |
| ૧૧.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | સબસે સ્માર્ટ કૌન | પેહરેદાર પિયા કી | ॥ | તુ આશિકી | ॥ | ॥ | ॥ |
| ૧૨.૦૦ | પિયા અલબેલા | ॥ | ક્રાઈમ પેટ્રોલ | સર્કસ કાર | સિલસિલા | ॥ | ॥ | આઈસ એજ |
| ૧૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | યે રિશ્તા | ॥ | ॥ | કસમ | કાંચના દ વન્ડર કાર | ॥ | ॥ |
| ૦૧.૦૦ | કુંડલી ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૦૧.૩૦ | આપકે આ જાને સે | મરિયમ ખાન રિપોર્ટિંગ | ॥ | ॥ | રુપ | ॥ | ॥ | રોટેટોઉલ્લા |
| ૦૨.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ॥ | પ્યાર તો હોના હી થા | ॥ |
| ૦૨.૩૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | ॥ | અ ફલાઈંગ જાટ | સિલસિલા બદલે રિશ્તો કા | ॥ | ॥ | ॥ |
| ૦૩.૦૦ | કુંડલી ભાગ્ય | કયામત કી રાત | ॥ | ॥ | નાગિન-૩ | થડકા | ॥ | ॥ |
| ૦૩.૩૦ | કાલિરેઈન | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૪.૦૦ | જીદંગી કી મહેક | યે રિશ્તા | ॥ | ॥ | કૌન હૈ | ॥ | ॥ | થોર |
| ૦૪.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૦૦ | આપકે આ જાને સે | ક્રિશ્ના ચલી લંડન | ॥ | ॥ | શક્તિ | ॥ | ॥ | ॥ |
| ૦૫.૩૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | પ્લેયર્સ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૬.૦૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા ક્યા કહેલાતા હૈ | । | ॥ | કસમ | લિજેન્ડ દ ટેરર | ધ્રુવા | સ્પાઈડરમેન-૨ |
| ૦૬.૩૦ | જીત ગઈ તો પિયા મોરે | સબસે સ્માર્ટ કૌન | ॥ | ॥ | સાવત્રી દેવી | ॥ | ॥ | ॥ |
| ૦૭.૦૦ | વો અપના સા | ॥ | યે મોહ મોહ કે ધાગે | ॥ | તુ આશિકી | ॥ | ॥ | ॥ |
| ૦૭.૩૦ | કાલિરેઈન | મરિયમ ખાન રિપોર્ટિંગ | પેશ્વા બાજીરાવ | ॥ | ઈશ્ક મેં મરજાંવા | ॥ | ॥ | ॥ |
| ૦૮.૦૦ | જિંદગી કી મહેક | હર શાખ પે ઉલ્લુ બેઠા હૈ | સંકટ મોચન મહાબલી | ॥ | શક્તિ | ॥ | ॥ | ॥ |
| ૦૮.૩૦ | પિયા અલબેલા | કુલ્ફીકુમાર બાજેવાલા | પેહરેદાર પિયા કી | ॥ | ઉડાન | ॥ | ॥ | ॥ |
| ૦૯.૦૦ | કુમ કુમ ભાગ્ય | ક્રિશ્ના ચલી લંડન | બેહદ | સિંઘમ-૩ | રુપ | યેવાડુ | જીને નહીં દુંગા | પાઈરેટ્સ ઓફ દ કેરેબિયન |
| ૦૯.૩૦ | કુંડલી ભાગ્ય | યે રિશ્તા | કુછ રંગ પ્યાર કે | ॥ | બેપનાહ | ॥ | ॥ | ॥ |
| ૧૦.૦૦ | ઈશ્ક સુભાન અલ્લાહ | ઈશ્કબાજ | ક્રાઈમ પેટ્રોલ ૧૦૦ | ॥ | સિલસિલા | ॥ | ॥ | ॥ |
| ૧૦.૩૦ | આપકે આ જાને સે | યે હૈ મોહબ્બતે | ॥ | ॥ | દેવ-૨ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૦૦ | કુમ કુમ ભાગ્ય | કુલ્ફીકુમાર બાજેવાલા | ॥ | ॥ | કૌન હૈ | ॥ | ॥ | ॥ |
| ૧૧.૩૦ | કાલિરેઈન | કયામત કી રાત | ॥ | ॥ | ॥ | ॥ | ॥ | આઈસ એજ |
| ૧૨.૦૦ | ॥ | ॥ | ॥ | ટીબીએ | ॥ | સિંહા | ॥ | ॥ |

# બેજોસ આધુનિક ઇતિહાસના સૌથી અમીર વ્યક્તિ બન્યા છે

## બિલ ગેટ્સ કરતા પણ બેજોસની સંપત્તિ વધારે નોંધાઈ

**(એજન્સી) નવીદિલ્હી,**

એમેઝોનના સ્થાપક જેફ બેજોસની સંપત્તિ વધીને ૧૦ લાખ કરોડ રૂપિયા અથવા તો ૧૫૦ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. આની સાથે જ તેઓ આધુનિક ઈતિહાસમાં સૌથી અમીર બિઝનેસમેન બની ગયા છે. એમેઝોનના શેરમાં સોમવારે ૦.૫ ટકાનો વધારો થયો હતો. આની સાથે જ શેરની કિંમત ૧૮૨૨.૪૯ ડોલર થઇ ગઇ હતી. કારોબારી સેશન દરમિયાન શેરની કિંમત એક વખતે ૧૮૪૧.૯૫ ડોલર સુધી પહોંચી હતી. કંપનીના સૌથી મોટા શેર ધારક હોવાથી બેજોસની સંપત્તિમાં અતિ ઝડપથી વધારો થયો અને તેમની સંપત્તિ વધી ગઈ છે. તેમની પાસે કંપનીના ૧૬ ટકાથી વધુ શેર છે. બ્લુમ્બર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ માઈક્રોસોફ્ટના સહસ્થાપિક બિલ ગેટ્સ બીજા સૌથી અમીર વ્યક્તિ છે. બિલગેટ્સની સંપત્તિ ૬.૫૧ લાખ કરોડ રૂપિયા અથવા તો ૯૫.૩ અબજ ડોલર છે. બ્લુમ્બર્ગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૧૯૮૨માં ફોર્બ્સ દ્વારા વિશ્વના સૌથી અમીર લોકોના નામ જાહેર કરવાની શરૂઆત કરવામાં આવી હતી. ૧૯૯૯માં બિલ ગેટ્સ ૧૦૦ અબજ ડોલરની સંપત્તિ ધરાવતા સૌથી અમીર વ્યક્તિ તરીકે હતા. ડોલરની દ્રષ્ટિએ હાલમાં તે ૧૪૯ અબજ ડોલર થાય છે. બેજોસની સંપત્તિ ૧૫૦ અબજ ડોલર છે જેથી ૩૬ વર્ષમાં બેજોસ આધુનિક ઈતિહાસના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. કંપનીના શેર આ વખતે ૬૦ ટકાથી વધુ વધી ગયા છે. માર્કેટ કેપ ૮૯૦ અબજ ડોલરની આસપાસ છે. એપલ ૯૩૫ અબજ ડોલર સાથે પ્રથમ સ્થાને છે. એક ટ્રિલિયનના ડોલરની કંપની બનવાની સ્પર્ધામાં એપલ પ્રથમ સ્થાને છે પરંતુ એમેઝોન પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. એમેઝોનના પરિણામ હાલમાં જ જાહેર કરવામાં આવનાર છે.

### સૌથી અમીર લોકો......

વિશ્વના સોથી અમિર લોકોની યાદીમાં જેફ બેજોસ હવે સૌથી આગળ નિકળી ગયા છે. તેમની સંપત્તિમાં ઉલ્લેખનીય વધારો થયો છે. આગામી દિવસોમાં તેમની સંપત્તિ હજુ વધી શકે છે. આધુનિક ઈતિહાસમાં જેફ બેજોસ સૌથી અમીર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. સૌથી અમીર પાંચ લોકોની યાદી નીચે મુજબ છે.

| નામ | સંપત્તિ (રૂપિયામાં) |
|---|---|
| જેફ બેજોસ (એમેઝોન) | ૧૦ લાખ કરોડ |
| બિલ ગેટ્સ (માઈક્રોસોફ્ટ) | ૬.૫૧ લાખ કરોડ |
| વોરેન બફેટ (બર્કશાયર) | ૫.૬૭ લાખ કરોડ |
| માર્ક ઝકરબર્ગ (ફેસબુક) | ૫.૧૧ લાખ કરોડ |
| એમેનસિયો (ઈન્ડિટેક્સ | ૨.૯૫ લાખ કરોડ |

### ૧૨.૨૪ લાખના ૫૧ મોબાઇલ સાથે ત્રણ પકડાયા

# રથયાત્રા દરમિયાન મોબાઇલ ચોરનારી ટોળકી પકડાઈ ગઈ

## તહેવાર હૈ ભારી સંખ્યામેં જનમેદની હોગી આસાની સે મોબાઇલ ચોરી હો સકતા હૈ તેવું વિચારીને ચોરીઓ કરી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં મોબાઇલ ફોનની ચોરી કરનારી ઝારખંડની ગેંગનો વટવા પોલીસે પર્દાફાશ કર્યો હતો અને ગેંગના ત્રણ શખસને રૂ. ૧૨.૨૪ લાખના ૫૧ મોબાઇલ ફોન સાથે રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓની હાથ ધરેલી સઘન પૂછપરછમાં તેમણે ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, રથ કા તહેવાર હૈ ભારી સંખ્યામેં જનમેદની હોગી આસાની સે મોબાઇલ ફોન ચોરી હો સકતા હૈ તેવું વિચારીને તેમણે મોબાઇ ચોરીના ગુનાને અંજામ આપ્યો હતો. પોલીસે આરોપીઓ વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.



આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વટવા વિસ્તારમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાંચ અજાણ્યા શખસ મકાન ભાડે રાખવા માટે ફરી રહ્યા હોવાની વિગત વટવા પોલીસ સ્ટેશનને મળી હતી. પોલીસે ગુપ્ત વોચ ગોઠવી શંકાના આધારે ત્રણ શખસની અટકાયત કરીને તેમની તલાશી લીધી હતી તો તેમની પાસેથી ૫૧ બ્રાન્ડેડ અને મોંઘાં મોબાઇલ ફોન મળી આવ્યા હતા. પોલીસ ત્રણ શખસની ધરપકડ કરીને પોલીસ સ્ટેશન લઈને આવી હતી. પૂછપરછમાં તેમણે કબૂલાત કરી હતી કે રથ કા તહેવાર હૈ ભારી સંખ્યામેં જનમેદની હોગી આસાનીસે મોબાઇલ ફોન ચોરી હો સકતા હૈ. આરોપીઓ અનિલ ઈન્દ્રદેવ મહતો, સંદીપ નંદકિશોર નોસરિયા અને શનિકુમાર નોનિયા ઝારખંડના રહેવાસી છે અને ખીસ્સામાંથી મોબાઇલ ચોરી કરવામાં માહિર છે. ત્રણેય શખસ સાથે બીજા શખસ પણ ચોરીમાં સામેલ હતા. રથાયાત્રા હોવાથી ઝારખંડથી સ્પેશ્યલ ચોરી કરવા માટે તેઓ અમદાવાદ ખાતે ટ્રેન મારફતે આવ્યા હતા. ટ્રેનમાં પણ તેમણે પેસેન્જરોની નજર ચૂકવી અને ખીસ્સા કાતરીને ૧૧ મોબાઇલ ફોનની ચોરી કરી હતી. રથાયાત્રામાં અલગ અલગ જગ્યાએથી આ ચોર ટોળકીએ ૪૦ મોબાઇલ ફોનની ચોરી કરી હતી. આ ત્રણેય ચોર વિરુદ્ધમાં મુંબઈમાં પણ ચોરીનો ગુનો દાખલ થયો છે. ત્યારે રથયાત્રા દરમ્યાન ૧૦ મોબાઇલ ફોન ચોરી થઈ હોવાની ફરિયાદ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. પોલીસે આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલા ૫૧ મોબાઇલ ફોન અંગે પણ તપાસ આગળ ચલાવી છે.

### શુક્રવાર સુધી લેખિતમાં જવાબો રજૂ કરવા તમામ પક્ષોને આદેશ

# સજાતિય સંબંધ અપરાધ છે કે નહીં તે અંગે સુપ્રીમનો ચુકાદો અનામત

## ઇન્ડિયન પિનલ કોડની ૩૭૭ની બંધારણીય કાયદેસરતાને પડકારતી અરજી પર તર્કદાર દલીલો કરાઈ : જટિલ મામલા ઉપર સુપ્રીમ કોર્ટ ખુબ જ ગંભીર



**(એજન્સી) નવી દિલ્હી,**

સજાતિય સંબંધો અપરાધ છે કે નહીં તે અંગે સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે સહમતિ સાથે સજાતિય સંબંધોને અપરાધથી બહાર રાખવાના સંદર્ભમાં ચુકાદો અનામત રાખીને આ મામલા પર પક્ષ અને વિપક્ષની ચર્ચા કરી રહેલા વકીલો પાસેથી શુક્રવાર સુધી લેખિત જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકનાર અરજીઓ ઉપર ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ કેએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ્ ને જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાની પાંચ જજની બેંચ સુનાવણી કરી રહી છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ નરિમને ટિપ્પણી કરી હતી કે, જો કોઇ કાયદા મૂળ અધિકારોની વિરુદ્ધ છે તો અમે તેનો ઇંતજાર કરીશું નહીં કે બહુમતિની સરકાર આને રદ કરી દે. અમને વિશ્વાસ થઇ જશે કે કાયદો મૂળભૂત અધિકારોની વિરુદ્ધમાં છે ત્યારે અમે સરકારને આને રદ કરવાના સંદર્ભમાં રાહ જોઇશું નહીં. સરકાર ક્યારે રદ કરે છે તેની રાહ જોવામાં આવશે નહીં. સજાતિય સંબંધોને અપરાધથી હદની બહાર કરવામાં આવે કે કેમ તેને લઇને કેન્દ્ર સરકારે ચુકાદો સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. કેન્દ્ર સરકારે આ સંદર્ભમાં કોઇ વલણ અપનાવ્યું નથી. કેન્દ્ર સરકારનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટ આ સંદર્ભમાં અંતિમ નિર્ણય કરી શકે છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતા તરફથી કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા બુધવારે આ મામલાની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કલમ ૩૭૭ના સંદર્ભમાં કોઇપણ વલણ અપનાવ્યું ન હતું અને કહ્યું હતું કે, ૩૭૭ના સંબંધમાં સહમતિ સાથે પુખ્તવયના લોકોના સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે કોર્ટ જ નિર્ણય કરી શકે છે. ૩૭૭ હેઠળ આ કોઇ અપરાધ છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટ નિર્ણય લઇ શકે છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ સરકાર તરફથી કહ્યું હતું કે, અમે ૩૭૭ની કાયદેસરતાના મામલાને સુપ્રીમ કોર્ટ ઉપર છોડી રહ્યા છીએ પરંતુ સુનાવણી માટેની હદ વધે છે કે સરકાર એફિડેવિટ દાખલ કરશે. ઇન્ડિયન પીનલ કોડ (આઈપીસી)ની કલમ ૩૭૭ની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકતી અરજીઓ ઉપર ચીફ જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઇન્દુ મલ્હોત્રાની પાંચ જજની બેંચે સુનાવણી હાથ ધરી હતી. કેન્દ્રએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિ સાથે બનાવવામાં આવેલા સંબંધો સાથે જોડાયેલી કલમ ૩૭૭ની કાયદેસરતાના મુદ્દા ઉપર અમે કોર્ટના ઉપર નિર્ણય છોડી રહ્યા છીએ. બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તે પોતે પણ આ બાબત પર વિચાર કરવા સુધી મર્યાદિત રહેશે કે કલમ ૩૭૭ બે પુખ્તવયના લોકો વચ્ચે સહમતિથી બનાવવામાં આવેલા સંબંધોને લઇને ગેરબંધારણીય છે કે કેમ. કલમ ૩૭૭ પર કેન્દ્ર સરકારે એફિડેવિટ મારફતે કોઇ પક્ષ ન મુકીને સમગ્ર નિર્ણય સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો હતો. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, ૩૭૭ હેઠળ સહમતિ સાથે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે પોતે નિર્ણય કરે. અરજી કરનારના વકીલ મેનકા ગુરુ સ્વામીએ કહ્યું હતું કે, કલમ ૩૭૭ એલજીબીપી સમુદાયના સમાનતાના અધિકારને ખતમ કરે છે. લેસ્બિયન, ગે, બાઈસેક્સયુલ અને ટ્રાન્સજેર સમુદાયના લોકોને કોર્ટ, બંધારણ અને દેશથી સુરક્ષા મળવી જોઇએ. તેમણે કહ્યું હતું કે, સજાતિય સમુદાયના લોકો પ્રતિભામાં ઓછા નથી અને આ સમુદાય સાથે જોડાયેલા લોકો આઈએએસ, આઈઆઈટી જેવી મુશ્કેલ પરીક્ષા પાસ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રના વકીલે કહ્યું હતું કે, સુનાવણી કલમ ૩૭૭ની બંધારણીયતા ઉપર જ મર્યાદિત રહેવી જોઇએ. ચર્ચનું પ્રતિનિધિત્વ કરનાર વકીલ મનોજ જ્યોર્જે કહ્યું હતું કે, સજાતિય સેક્સ સંબંધોને ગુના તરીકે ગણવામાં આવે. ત્યારબાદ અન્ય દલીલો પણ કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રમાં મોનસુન જોરદાર સક્રિય : ચેતવણી અકબંધ છે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

સૌરાષ્ટ્ર-કચ્છ પર મોનસુન જોરદારરીતે સક્રિય થયેલું છે જેના પરિણામ સ્વરુપે અતિભારે વરસાદ સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારમાં થઇ રહ્યો છે. ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આગામી પાંચ દિવસ માટે અકબંધ રાખવામાં આવી છે. ભારે વરસાદની સ્થિતિ વચ્ચે એનડીઆરએફની ૨૦ ટીમો સક્રિય છે અને બીજી પાંચ ટીમો મંગાવવામાં આવી રહી છે. ઉભી થયેલી સ્થિતિ વચ્ચે તંત્ર હાઈએલર્ટ ઉપર છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. હવામાન ખાતાએ આગામી ૨૪ કલાકમાં આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરતાં સ્થાનિક પ્રજાજનો ચિંતામાં મૂકાયા છે ત્યારે બીજીબાજુ, તંત્રને એકદમ હાઈએલર્ટ પર રખાયું છે. હવામાન ખાતા દ્વારા ગુજરાત રાજ્યમાં આવતા ૨૪ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાની આગાહી મુજબ, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના પંથકો ઉપરાંત દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, મહેસાણા, અરવલ્લી, અમદાવાદ, ખેડા, વડોદરા, આણંદ, ડાંગ, તાપી, ભરુચ, નર્મદા તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ, અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની પૂરી શકયતા છે. રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્રને હાઈએલર્ટ કરી દેવાયું છે. રાજ્યમાં વધુ વરસાદની શક્યતાને જોતા રાહત અને બચાવ કામગીરી માટે હાલ એનડીઆરએફની પાંચ ટીમ સહિતની રાહત-બચાવ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે.

### પૂરની સ્થિતિ અને બચાવ કામગીરીની સમીક્ષા

# બચાવ-રાહત કામગીરી તીવ્ર કરવા માટે રૂપાણીની સૂચના

## વિજય રૂપાણીએ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું : અધિકારીઓને જરૂરી સૂચના

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

રાજ્યમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પૂરની સ્થિતિ સર્જાયા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે એરફોર્સના હેલિકોપ્ટરમાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. જો કે, પહેલી વાર પ્લેનનું લેન્ડિંગ ન થઈ શકતા તેમણે એરફોર્સના હેલિકોપ્ટરની મદદ લેવી પડી હતી. એરફોર્સના હેલિકોપ્ટરની મદદથી તેઓ પૂરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચી શક્યા હતા. પરંતુ આ મુલાકાત દરમ્યાન રાજકોટના જેતપુર ખાતે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હેલિકોપ્ટરનું ખરાબ હવામાનના કારણે ઈમરજન્સી લેન્ડીંગ કરવાની ફરજ પડી હતી. પૂરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાત લઈ અને ત્યાંની પરિસ્થિતિનું નીરીક્ષણ અને સમીક્ષા કર્યા બાદ મુખ્યમંત્રીએ અન્ય મંત્રીઓને પણ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈ મદદ કરવા માટે નિર્દેશ કર્યો હતો. સાથે સાથે તંત્રના અધિકારીઓને અસરકારક અને ત્વરિત રીતે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા સૂચનાઓ જારી કરી હતી. આજે સવારે મુખ્યમંત્રી રૂપાણી ગીર સોમનાથ જિલ્લામાં પૂરની સ્થિતિની સમીક્ષા કરવા માટે રવાના થયા હતા, પરંતુ ભારે વરસાદને કારણે કેશોદ એરપોર્ટ પર તેઓ લેન્ડિંગ કરી શક્યા નહોતા અને ગાંધીનગર જવા માટે રવાના થઈ ગયા હતા. પરંતુ ત્યારબાદ તેઓ એરફોર્સના હેલિકોપ્ટર દ્વારા અમદાવાદ એરપોર્ટથી રવાના થયા હતા. આ દરમિયાન મુખ્યમંત્રી સાથે રાજ્યના મુખ્ય સચિવ ડો. જે. એન સિંહ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. મુખ્યમંત્રીએ જિલ્લાના વહીવટી તંત્ર સાથે ચર્ચા કરીને પૂરની સ્થિતિ તથા બચાવ અને રાહત કાર્યની સમીક્ષા કરી હતી. રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ચાર દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે ત્યાંના વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રમાં ખાસ તો ગીર સોમનાથ જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જેને કારણે અહીં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી તેમ જ ભાવનગરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે તેમ જ પાણી ભરાઈ જવાના કારણે કેટલાક રસ્તાઓ પણ બંધ કરવામાં આવ્યા છે. ચોમેર પાણીથી ઘેરાઈ ગયેલાં કેટલાક ગામો પણ સંપર્કવિહોણા બન્યાં છે ત્યારે મુખ્યમંત્રીએ આજે જાતે હવાઈ નીરીક્ષણ કરી સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને જરૂરી નિર્દેશો તંત્ર અને અધિકારીઓને આપ્યા હતા.

### ૨૦મી જુલાઈએ પહોંચનાર હતા

## ભારે વરસાદ : મોદીનો ગુજરાત પ્રવાસ મુલત્વી

ગુજરાતમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક ભાગોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાયેલી છે. ભારે વરસાદ અને પ્રતિકુળ સંજોગોના કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ આખરે રદ કરવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા આજે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, વહીવટીતંત્રના અધિકારીએ હાલમાં બચાવ અને રાહત કામગીરીમાં લાગેલા છે ત્યારે તેમના પ્રવાસને મોકૂફ કરાયો છે. વડાપ્રધાન મોદી ૨૦મી જુલાઈના દિવસે જુનાગઢમાં હોસ્પિટલનું ઉદ્ઘાટન કરવા પહોંચનાર હતા. મોદીના ગુજરાત પ્રવાસનો નવો કાર્યક્રમ હજુ જાહેર કરવામં આવ્યો નથી પરંતુ સ્થિતિ હળવી બન્યા બાદ નવેસરથી કાર્યક્રમ જાહેર કરાશે

### રાજપથ કલબ સામે આકરી કાર્યવાહી બાદ પગલા

# એસજી હાઇવેના સર્વિસ રોડ પરના પાર્કિંગ સામે કાર્યવાહી

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા ગઇકાલે રાતે રાજપથ કલબની બહાર સર્વિસ રોડ પર ગેરકાયદે રીતે અને આડેધડ વાહનો પાર્ક કરવાના પ્રકરણમાં શહેરની પ્રતિષ્ઠિત રાજપથ કલબને સીલ મરાતાં સમગ્ર શહેરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. રાજપથ કલબ સામે આકરી કાર્યવાહી બાદ હવે અમ્યુકો તંત્ર દ્વારા ટ્રાફિક પોલીસની મદદથી એસજી હાઇવેના સર્વિસ રોડ પર આડેધડ અને ગેરકાયદે વાહન પાર્ક કરવા સામેની ઝુંબેશ આગામી દિવસોમાં વધુ ઉગ્ર અને અસરકારક બનાવવામાં આવશે. ગઇકાલે રાતે મ્યુનિસિપલ તંત્ર પોલીસ વિભાગના સહયોગ લઇને રોડ પર પાર્કિંગના મામલે રાજપથ કલબ પર ત્રાટક્યું હતું. રાજપથ કલબને લગાવાયેલું સીલ આજે સવારે યથાવત્ રહ્યું હોઇ આ સીલ કલબના સંચાલકો પાસેથી બાંયધરીપત્ર લઇને ખોલી આપવાના મુદ્દે હજી સુધી કોઇ સમાધાનકારી વલણ સ્પષ્ટ થયું નથી. બીજી તરફ એસજી હાઇવેના સર્વિસ રોડ પર આડેધડ રીતે પાર્ક કરાતાં વાહનો સામેની મ્યુનિસિપલ સત્તાવાળાઓની ઝુંબેશ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બનવાનો છે. જાણકાર સૂત્રો કહે છે, એસજી હાઇવે પરના કારગીલ જંકશન, પકવાન ચાર રસ્તા, ઇસ્કોન તેમજ કર્ણાવતી કલબ નજીકના વિસ્તારમાં ટૂંક સમયમાં સત્તાવાળાઓ ત્રાટકશે. શહેરમાં દિન પ્રતિદિન પાર્કિંગનો પ્રશ્ન વિકટ અને જટિલ બની રહ્યો હોઇ હાઇકોર્ટ દ્વારા ગઇકાલે તંત્રને અપાયેલા આદેશના પગલે તાત્કાળ નવા પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગના સત્તાવાળાઓ દોડતા થયા હતા. જો કે રહેણાક વિસ્તારમાં આજે પણ 'નો પાર્કિંગ ફોર વિઝિટર્સ'નાં બોર્ડ જોવા મળે છે. જેના કારણે વિઝિટર્સને પોતાનાં વાહન બહાર રોડ પર પાર્ક કરવાની ફરજ પડે છે. તંત્ર દ્વારા આ મામલે અભિયાન શરૂ કરવાની અગાઉ જાહેરાત કરાઇ હતી. રહેણાક એકમના સંબંધિત વહીવટકર્તાને પહેલાં નોટિસ ફટકારીને વિઝિટરનાં વાહન જે તે સોસાયટી કે ફ્લેટના પાર્કિંગમાં જ પાર્ક થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અંગે નિશ્ચિત સમયગાળો આપવાની દિશામાં વિચારણા કરાઇ હતી. જોકે સમગ્ર શહેરમાં આ બાબતે કયાંય કોઇ નક્કર પગલાં હજુ સુધી લેવાયાં ન હોઇ મ્યુનિસિપલ સત્તાવાળાઓની પાર્કિંગ સામેની ઝુંબેશ અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.

### રૂપાણીનો સાંજે કાફલો વેરાવળ ખાતે પહોંચ્યો

# મુખ્યપ્રધાન રૂપાણી અસરગ્રસ્ત વિસ્તારોમાં : સ્થિતિની સમીક્ષા



**(પ્રતિનિધિ) અમદાવાદ,**

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પડી રહેલા ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ અસરગ્રસ્ત વિસ્તારોની માહિતી મેળવવા માટે પહોંચી ગયા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હેલિકોપ્ટરને ખરાબ હવામાનના કારણે કેશોદ વિમાની મથકે ઉતરાણ કરવાની પહેલા મંજુરી મળી ન હતી. રૂપાણીએ આજે સતત બીજા દિવસે પણ એરફોર્સના ખેસ હેલિકોપ્ટર મારફતે રવાના થયા હતા. પુરની સમીક્ષા પણ કરી હતી. આવતીકાલે બુધવારના દિવસે મળનારી કેબિનેટ બેઠક પણ રદ કરી દેવામાં આવી છે. રાજકોટ જતી વેળા ખરાબ હવામાનના લીધે મુખ્યમંત્રીના હેલિકોપ્ટરને જેતપુરમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. મંત્રીમંડળના સભ્યોને પણ પુરગ્રસ્ત વિસ્તારોમાં જઇને નિરીક્ષણ કરવા કહેવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ગીરસોમનાથ જિલ્લામાં પહોંચ્યા હતા અને પુર અને અતિવૃષ્ટિથી ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરી હતી. મોડેથી રૂપાણી વેરાવળ કલેક્ટર ઓફિસમાં પહોંચ્યા હતા. જ્યાં જરૂરી માહિતી મેળવી હતી. કેશોદથી તેમનો કાફલો વેરાવળ પહોંચ્યો હતો. કલેક્ટર ઓફિસમાં થોડાક સમય સુધી બેઠક ચાલી હતી. બીજા બાજુ ગીર સોમનાથ જીલ્લો છેલ્લા એક અઠવાડિયાથી મેઘ મહેર તરબોળથી ભીંજાઈ રહ્યો છે. ગીર-સોમનાથ જીલ્લામાં આજે સવારના ૬ થી સાંજના ૬ સુધી પડેલ વરસાદ વેરાવલ ૨૪ મીમી, તલાલા ૮૪ મી.મી સુત્રાપાડા ૪૦ મી.મી, કોડીનાર ૬૫ મી.મી ઊના ૨૭૯ મીમી, ગીરગઢડા ૩૬૪ મીમી અને હજુ પણ ધીમીધારે વરસાદ ચાલુ છે. હિરણ-૨ ડેમ ઉપર ૫૭૭ મીમી વરસાદ પડેલ છે અને ડેમના ચાર દરવાજા આજે સવારે ૧૦.૧૫ કલાકે અડધો-અડધો ફુટ એટલે ૦.૧૫ મીટર ખુલવામાં આવ્યા હતા અને ૪૬.૩૧ ક્યુસેક પાણીનો જથ્થો વહેતો કરાયો હતો. નીચાણવાળા વિસ્તારોને સલામતીની જાણ કરવામાં આવી હતી. ત્રિવેણી સરસ્વતી નદી હિરણમાં જોરદાર પુર આવતા લોકોના ટોળા પુર જોવા ઉમટ્યા હતા.

# રાજપથ ક્લબ પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના સામે ગુનો દાખલ થયો

**(પ્રતિનિધિ) અમદાવાદ,**

શહેરમાં બેફામ પાર્કિંગ, ટ્રાફિક અને રખડતાં ઢોરની સમસ્યાને લઇ ગુજરાત હાઇકોર્ટે ગઈકાલે અમદાવાદ શહેર પોલીસ કમિશનર સહિતના સત્તાવાળાઓને રૂબરૂ કોર્ટમાં બોલાવીને ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટના કડક વલણને જોતાં શહેર પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર હરકતમાં આવી ગયાં હતાં. ગઈકાલે રાતે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા એસ.જી. હાઈવે પર આવેલ રાજપથ ક્લબને ગેરકાયદે અને આડેધડ પાર્કિંગ મુદ્દે સીલ મારી દેવાયું હતું. બીજીબાજુ, અમ્યુકો બાદ પોલીસે પણ કડક હાથે કાર્યવાહી કરતાં રાજપથ ક્લબના પ્રમુખ જગદીશ પટેલ, ઉપપ્રમુખ, મેનેજમેન્ટ કમિટીના સભ્યો અને બહાર રોડ પર વાહન પાર્ક કરનાર વાહનચાલકો વિરુદ્ધ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલનો ગુનો દાખલ કરતાં જબરદસ્ત ચકચાર મચી ગઇ છે. રાજપથ ક્લબ દ્વારા પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા નહી કરવામાં આવતાં સર્વિસ રોડ પર બેરિકેડ મૂકી દઈને રોડ પર વાહન પાર્કિંગ કરવામાં આવતાં પોલીસે આ કાર્યવાહી કરી હતી. ક્લબ પાસે આનંદપ્રમોદ અને પ્રિમાઈસીસનું લાઇસન્સ પણ ન હોવાનું બહાર આવ્યું છે. સરખેજ-ગાંધીનગર હાઈવે પર આવેલી પ્રતિષ્ઠિત એવી રાજપથ ક્લબને ગઈ કાલે રાતે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા શહેર પોલીસ અને ટ્રાફિક પોલીસના ઉચ્ચ અધિકારીઓને સાથે રાખી પાર્કિંગ મુદ્દે સીલ મારી દેવાયું હતું. ક્લબની બહાર આવેલા સર્વિસ રોડ પર બેફામ રીતે વાહન પાર્કિંગ કરવામાં આવતાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. ટ્રાફિક પોલીસે અને મ્યુનિસિપલ તંત્ર દ્વારા આ મુદ્દે નોટિસ પણ આપવામાં આવી હતી, જોકે ક્લબ દ્વારા તેને ગણકારવામાં આવી ન હતી. ગઈકાલે ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ એમ. આર.શાહ અને જસ્ટિસ એ.વાય.કોગજેની ખંડપીઠ સમક્ષ શહેરમાં બેફામ પાર્કિંગ, ટ્રાફિક અને રખડતાં ઢોરની સમસ્યા અંગેના કેસની સુનાવણી થઈ હતી, જેમાં હાઈકોર્ટે પોલીસ અને રાજ્ય સરકારને ટ્રાફિક અને પાર્કિંગના મુદ્દે લગાવેલી ફટકાર બાદ શહેર પોલીસ અને મ્યુનિસિપલ તંત્ર હરકતમાં આવતાં મોડી સાંજે રાજપથ ક્લબ પર ત્રાટકી હતી. પાર્કિંગ મુદ્દે બે ડીસીપી કક્ષાના પોલીસ અધિકારીની હાજરીમાં જંગી પોલીસ કાફલા સાથે વીડિયોગ્રાફી કરી મોડી રાત્રે રાજપથ કલબના દરેક રૂમ સીલ કરી દીધા હતા. ક્લબની ઓફિસને પણ સીલ મારી દીધું હતું. ક્લબની બહાર આવેલા સર્વિસ રોડ પર બેફામ રીતે આડેધડ પાર્કિંગ કરવામાં આવેલી ગાડીઓના વાહનચાલકો સામે પોલીસે કાર્યવાહી કરી હતી. એસ.જી હાઈવે ટ્રાફિક-૨ પોલીસ સ્ટેશનના પીઆઈ એન. એચ. રાણાએ આ અંગે રાજપથ ક્લબના પ્રમુખ, ઉપપ્રમુખ દ્વારા ક્લબમાં યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા ઊભી કરવામાં ન આવતાં મેનેજમેન્ટ કમિટીના સભ્યો અને બહાર રોડ પર વાહન પાર્ક કરનાર વાહનચાલકો વિરુદ્ધ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધાવી હતી.